દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૨૯ જૂન, ૨૦૨૬

# યુરોપના લોકો ભારતીયોની જેમ ગરમી સહન કરવા માટે ટેવાયેલા નથી તેના અનેક કારણ છે

યુરોપમાં ઘરો અને ઇમારતો ગરમીને અંદર રોકવા માટે બનાવવામાં આવે છે, જેથી શિયાળામાં ઓછી હીટિંગની જરૂર પડે. જ્યારે ત્યાં ગરમી પડે છે, ત્યારે આ ઘરો 'ઓવન'ની જેમ કામ કરવા લાગે છે. ગરમી અંદર તો આવી જાય છે, પણ બહાર નીકળી શકતી નથી. જ્યારે ભારતમાં ઘરો એવી રીતે બનાવવામાં આવે છે કે હવાનું ક્રોસ-વેન્ટિલેશન થઈ શકે. ઊંચી છત, ટાઇલ્સના ફ્લોર અને ખુલ્લી બારીઓ ગરમીને રોકવાને બદલે તેને બહાર કાઢવામાં મદદ કરે છે.

ભારતમાં આપણા શરીરને બાળપણથી જ ઊંચા તાપમાન સહન કરવાની આદત હોય છે. ભારતના લોકોનું 'થર્મોરેગ્યુલેશન સિસ્ટમ' (શરીરનું તાપમાન નિયંત્રિત કરવાની ક્ષમતા) સારું છે. ભારતના લોકોનું શરીર વધુ ગરમીમાં પરસેવો પાડવા લાગે છે જેનાથી શરીર તરત ઠંડું થઈ જાય છે. પરંતુ યુરોપના લોકોનું શરીર ઓછા તાપમાનનું આદી હોય છે. જ્યારે અચાનક તાપમાન 40°Cપહોંચે છે, ત્યારે તેમનું શરીર આ આંચકાને સહન કરી શકતું નથી. તેનાથી હીટ સ્ટ્રોક, ડિહાઇડ્રેશન અને ઓર્ગન ફેલિયરનો ખતરો ખૂબ ઝડપથી વધે છે. ગરમી માત્ર તાપમાનથી નહીં, પરંતુ હવામાં રહેલા ભેજથી નક્કી થાય છે. ભારતમાં મે અને જૂનની સૂકી ગરમીમાં પરસેવો ઝડપથી સુકાઈ જાય છે, જેનાથી શરીરનું તાપમાન ઓછું થવામાં મદદ મળે છે. યુરોપમાં જ્યારે ગરમી પડે છે, ત્યારે હવામાં ભેજ ખૂબ વધારે હોય છે. ઉમસના કારણે શરીરનો પરસેવો સુકાઈ શકતો નથી, જેનાથી શરીર પોતાને ઠંડુ કરી શકતું નથી. ત્યાં 40°C તાપમાન 45°C કે તેથી વધુ જેવું અનુભવાય છે. યુરોપની ગરમીની વાત કરીએ તો

બ્રિટનના ઇતિહાસમાં પહેલીવાર સતત ત્રણ દિવસ સુધી 'રેડ વોર્નિંગ' જાહેર કરવી પડી છે. બ્રિટનમાં જૂન મહિનાનો 50 વર્ષ જૂનો અગાઉનો રેકોર્ડ (35.6°C) આ અઠવાડિયે સતત ત્રણ દિવસ તૂટ્યો છે.

દક્ષિણ ઈંગ્લેન્ડમાં તાપમાન 36.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે, જે આ જૂનનો નવો રેકોર્ડ છે. બ્રિટનના ઇતિહાસનું સૌથી વધુ તાપમાન 40.3 ડિગ્રી સેલ્સિયસ છે, જે જુલાઈ 2022માં નોંધાયું હતું. એવું માનવામાં આવે છે કે આ વર્ષે તે તૂટી શકે છે.

ગરમીના કારણે વીજળીની માગ 45 વર્ષમાં સૌથી વધુ થઈ ગઈ છે. હીટ સ્ટ્રોક, ડિહાઇડ્રેશન અને શ્વાસની તકલીફના દર્દીઓની સંખ્યા અચાનક ખૂબ વધી ગઈ છે. તેના કારણે ઘણી મોટી હોસ્પિટલોને ઇમરજન્સી જાહેર કરવી પડી છે.

સમગ્ર બ્રિટનમાં 1,000થી વધુ શાળાઓ બંધ કરવી પડી છે. કોંક્રિટ અને જૂની ટેકનોલોજીથી બનેલી ક્લાસરૂમની ઇમારતો એટલી ગરમ થઈ ગઈ છે કે બાળકો અને શિક્ષકોનું ત્યાં બેસવું અશક્ય બની ગયું છે.

અત્યંત ઊંચા તાપમાનને કારણે લોખંડના રેલવે પાટા ફેલાઈ રહ્યા છે અને તેમના વળી જવાનો ખતરો વધી ગયો છે. તેને કારણે ટ્રેનોની ગતિ પર સ્પીડ લિમિટ (60 માઇલ પ્રતિ કલાક) લાદવામાં આવી છે.

બ્રિટનના ઘણા વિસ્તારોમાં પાઇપ દ્વારા બગીચાઓ અને કાર પર પાણી નાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સ્પેન હાલમાં સમગ્ર યુરોપમાં સૌથી વધુ ગરમીનો સામનો કરી રહ્યું છે. સ્પેનના એન્ડુજારમાં તાપમાન 45.1 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. જ્યારે ઉત્તરી શહેર બિલબાઓમાં જૂનનો સર્વકાલીન રેકોર્ડ તૂટ્યો અને પારો 42.7°C નોંધાયો. છેલ્લા 4 દિવસમાં ગરમીના કારણે દેશમાં 200થી વધુ લોકોના જીવ ગયા છે.

અત્યંત દુષ્કાળ અને ભીષણ ગરમીના કારણે સ્પેનના જંગલોમાં ભયંકર આગ ભભૂકી ઉઠી છે. ફાયર વિભાગ ચોવીસ કલાક આગ બુઝાવવામાં વ્યસ્ત છે, અને ઘણા નગરોને ખાલી કરાવવા પડ્યા છે. પૂર્વ જર્મનીના ડ્રેવિટ્ઝમાં શનિવારે તાપમાન 41.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. આ જર્મનીના ઇતિહાસનું અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન છે. જ્યારે, કુબશુટ્સ શહેરમાં રાત્રિનું તાપમાન 29.4 ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું નહીં. લગભગ 150 વર્ષ પહેલાં રેકોર્ડ શરૂ થયા પછી આ દેશની સૌથી ગરમ રાત રહી.

## કથા કથન

***બહુ જ જાણીતા વિવેચક, ગુજરાત અને ભારતીય જીવનના અભ્યાસી ડો. શિરીષ પંચાલે નવલકથા અને વાર્તા સ્વરૂપમાં પણ કામ કર્યું છે. 'આયનો' તેમની આઠ વાર્તાનો સંગ્રહ છે. 2004માં પ્રકાશિત એ વાર્તાસંગ્રહમાં પાત્ર અને તેમના સંઘર્ષના આલેખન દરમિયાન જે વિચારતણખા પ્રકટી આવ્યા તે છે આ.***

લગ્ન માત્ર બે વ્યક્તિઓ વચ્ચે થતું નથી. બે સંદર્ભ વચ્ચે થાય છે.

**પૃષ્ઠ-6**

(તારા) શરીરને અપનાવવું એટલે તારા બાપદાદાનો સમગ્ર શારીરિક વારસો સ્વીકારવો.

**પૃષ્ઠ-6**

બાળક પેટમાં હોય ત્યારે નાળ વડે એને પોષણ મળ્યા કરે... પણ એક વાર જનમ લે એટલે નાળ તો વધેરવી જ પડે, પછી ધાવણ પણ છોડાવવાં પડે, માનો પાલવ છોડાવવો પડે.

**પૃષ્ઠ-7**

જીવનમાંથી એક કલાક ઓછો થઈ જાય એટલે સમજાય છે આપણે કેટલું બધું ગુમાવીએ છીએ.

**પૃષ્ઠ-14**

પ્રેમ તો બળ આપે, દુનિયા સામે લડવા માટેનું કૌવત આપે.

**પૃષ્ઠ-16**

મોટી થતી દીકરીને જોવી એ સ્ત્રીનું કેટલું મોટું સૌભાગ્ય

**પૃષ્ઠ-16**

મરતા માણસને જીવાડવો એક વાત છે અને જીવતા માણસને મારી નાખવો બીજી વાત છે.

**પૃષ્ઠ-55**

કેટલાંક નાનાં નાનાં સુખ એવાં છે જેને માટે સંપત્તિ ઓછી પડે છે અને એ વાત તો અનુભવે જ સમજાય છે.

**પૃષ્ઠ-57**

ક્યારેક અતિ આનંદ પણ સ્વજનની કેવી ઉપેક્ષા કરાવે છે?

**પૃષ્ઠ-58**

વનસ્પતિ ઈશ્વરી સૃષ્ટિનો અંશ નથી? એનામાં પણ તત્ત્વ નથી? અને એકને જીવાડવા બીજાનો ભોગ લઈ શકાય એ નિયત કરનાર આપણે કોણ?

**પૃષ્ઠ-63**

વિદ્યાનું વિસર્જન એ પણ મૃત્યુ છે.

**પૃષ્ઠ-67**

આમ તમને એમ લાગે કે બધા કેટલાં પારદર્શી છે પણ એક ખૂણો એવો હોય જે બિલકુલ અવાવરુ હોય, એમાં શું છે એની તમને ખબર જ ન પડે.

**પૃષ્ઠ-81**

આ શરીર પણ કંઈ અજીબોગરીબ માયા છે. મન લાખ મના કરે પણ એ ક્યારે મનની આજ્ઞા માનવાની ના પાડી દે તેની તમને ખબર પણ ના પડે.

**પૃષ્ઠ-83**

નાની ઉંમરે પ્રેમ કરવો એ સાહસ છે. સાહસ રહે ત્યાં સુધી બરાબર, એ જ્યારે દુસ્સાહસ બને ત્યારે જ તકલીફ થાય.

**પૃષ્ઠ-87**

કોઈને પ્રેમ કરવો એ અપરાધ નથી પણ કશીક ગણતરીથી પ્રેમ કરવો એ તો અમાનવીય કહેવાય.

## હું પૂછું, તમે કહો

**(1) 'કુમાર' નામના બહુ જાણીતા સાહિત્યિક માસિકની સ્થાપના 1924માં થયેલી એ ખરું પણ તેના સ્થાપક કોણ હતા?**

(ક) હાજી મહમ્મદ અલ્લારખા શિવજી

(ખ) રવિશંકર રાવળ (ગ) બચુભાઈ રાવત (ઘ) પ્રફુલ્લ રાવલ

**(2) ગાંધીજીના પુત્ર હરિલાલ ગાંધીને કેન્દ્રમાં રાખી પ્રકાશનો પડછાયો નવલકથા કોણે લખી છે?**

(ક) ફીરોઘ અબ્બાસ ખાન (ખ) સારંગ બારોટ

(ગ) દેવદાસ ગાંધી (ઘ) દિનકર જોશી

**(3) 'સુદામાચરિત', 'મામેરું' અને 'નળાખ્યાન' આખ્યાનો ક્યા કવિએ લખ્યાં હતાં?**

(ક) નરસિંહ મહેતા (ખ) મીરાંબાઈ

(ગ) પ્રેમાનંદ (ઘ) નિરંજન ભગત

**(4) 'માનવીની ભવાઈ' માટે 1985માં જ્ઞાનપીઠ પુરસ્કાર સન્માન પામનારા નવલકથાકાર કોણ?**

(ક) ઝવેરચંદ મેઘાણી (ખ) પિતાંબર પટેલ

(ગ) ઈશ્વર પેટલીકર (ઘ) પન્નાલાલ પટેલ

**(5) 'હોઠ હસે તો ફાગુન, ગોરી! આંખ ઝરે તો સાવન/ મોસમ મારી તું જ કાળની મિથ્યા આવનજાવન' પંક્તિઓથી આરંભાતા ગીતના કવિ કોણ?**

(ક) હરીન્દ્ર દવે (ખ) સુરેશ દલાલ

(ગ) જગદીશ જોશી (ઘ) પ્રિયકાંત મણિયાર

**જવાબ**


1- ખ, 2-ઘ, 3-ગ, 4-ઘ, 5-ક

## ગુર્જરભારતવાસી, વાંચશો તો ગમશે

પ્રકાશ ન. શાહની ભાષા નથી સમજાતી. તેમની લેખનશૈલી અટપટી અને રુક્ષ છે એવું કહી તેમના લેખન પ્રત્યે અગંભીર અભિગમ અપનાવનારા ઘણા છે. તેઓ રાજકીય પ્રવાહોના અધ્યયનશીલ ચિંતક છે અને વર્તમાન રાજકારણના તીખા, તર્કબદ્ધ વિશ્લેષક છે તે પણ ઘણાને ગમતું નથી. એ બધાના હાથમાં 'તવારીખની તેજછાયા - ૧' નામનું તેમનું પુસ્તક મૂકવા જેવું છે. સમજાશે કે તેમની ભાષા અને શૈલી જુદા જુદા વિષયના આલેખનને નવા નવા મરોડ ધારણ કરે છે. 'નિરીક્ષક'ના તંત્રી રહેલા પ્રકાશ ન. શાહ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પણ રહી ચૂક્યા છે અને ગુજરાતના જાહેરજીવનનાં અનેક ક્ષેત્રોનાં વ્યક્તિઓ સાથે તેમની ઉષ્માપૂર્ણ નિકટતા પણ રહી છે. તેઓ કોઈ એક વિચાર સંપ્રદાયના કંઠીધારી વિચારક નથી અને ગુજરાતી ભાષાના અનેક સાહિત્યકારોના અભ્યાસે તેમના ગુજરાત સંસ્કાર ઘડાયા છે ને ભાષાદીક્ષિત થયા છે. 'તવારીખની તેજછાયા' કેટલાંક ઉદાહરણોમાં દસ્તાવેજી મૂલ્ય ધરાવનારું પણ બન્યું છે અને આ પુસ્તકના નામકરણ સંદર્ભે લખ્યું પણ છે.!




૨૪૪ પૃષ્ઠના આ પુસ્તકમાં ૮૬ લેખો છે એટલે સમજી શકાય કે અખબારી કોલમની શિષ્ટ અને મર્યાદામાં રહી લખાયું છે પણ 'પરબ' માં પ્રગટ પ્રમુખીય લેખ વધારે મુદ્દાઓ સાથે દીર્ઘ પણ છે. લેખક ને વિષયસામગ્રી છે તેની વાત લાંબા પટે થઈ શકે પણ તે પહેલાં લેખોની શૈલીમાં રહેલી ચમત્કૃતિ અને સંકલનભાવે વિષયપ્રવેશ કરાવતી, ક્યારેક નાટકીય ઉક્તિ પર નજર કરવી જોઈએ. ભાષાક્રીડા તેમને ગમે છે અને તે તો સમગ્ર પુસ્તકમાં પમાશે.




આ પુસ્તકમાં રાજકારણ અને રાજનેતાઓ વિશે સમ-સામયિક ભાવો લખાયેલા લેખ જરૂર છે પણ વાંચતાં પમાશે કે ભારતીય રાજકારણ અને સમાજ પર પ્રભાવ મૂકનારા અને કંઈક સિદ્ધાંત, નીતિ અને મૂલ્ય પર પ્રભાવ મૂકનારા આલેખનમાં તેમને વધારે રસ છે. મોટા રાજકીય ઘટનાક્રમ વિશે લખે ત્યારે કેટલાક પાયાના પ્રશ્નો ઊભા કરી લોકશાહી અનુસંગે વ્યાપક સ્તરના મુદ્દા ઊભા કરે છે. હમણાં અમેરિકા - ઈરાન વચ્ચે શાંતિ યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે ઇઝરાયેલ - હમાસ યુદ્ધવિરામ મુદ્દે 'હોઈ તે યુદ્ધવિરામ' લેખ વાંચી જુવો. પ્લાસ્ટિકની સાંકળથી હાથ બાંધવાના નખે કરતી અમેરિકનની નીતિ કેમ નિષ્ફળ જાય છે તેના તર્ક તરત સમજાશે. ત્યાં પણ અમેરિકાને ઇઝરાયેલી નેતૃત્વ નહીં ગાંઠશે એવી નુકતેચીની થયેલી છે.


પણ ઉતાવળે પરિચય કરાવવાનો હોય તો ચટાક જ કરાવવા પડે એ તર્ક સાથે ધીરુબહેન પટેલ, નિરંજન ભગત, સુકુમાર પરીખ, અચ્યુત યાજ્ઞિક, પંડિત સુખલાલજી, નારાયણ દેસાઈ શતાબ્દી પ્રવેશ નિમિત્તે જે વાત માંડે છે, સમય-સંસ્કારના પટ પર રહી લોહિયા, મધુ દંડવતે, સોનમ વાંગચુકનો અનરાન અને એ લસરકામાં જ ઈલાબહેન ભટ્ટ, રાહુલ ગાંધી, દીનદયાલ બનામ સાવરકરનાં વ્યક્તિ-કાર્ય ચિત્ર આંકે છે તેમાં પ્રકાશ ન. શાહને પ્રમાણવા જોઈએ. ધીરુબહેનની વિદાય નિમિત્તે અંજલિ જરૂર છે પણ તેમાં નવલકથાકાર-વાર્તાકારથી વધુ સહૃદયભાવે સ્વતંત્રતાના આગ્રહી ધીરુબહેન ઉપસે છે અને 'સરસ્વતીચંદ્ર'નો નાયક વાલકેશ્વરના સધ્ધર લોકમાંથી આવ્યો હતો એમ સાહિત્યિક ઈતિહાસનો સંદર્ભ જગાડી 'ભવની ભવાઈ', 'વ્યથાનાં વીતક' 'આંગળિયાત' ની જુદી નિસબતની વાત કરે છે. ધીરુબહેનની સર્જકતા અને વ્યક્તિત્વ વચ્ચે જે મિજાજ પ્રમાણવાનો બને, તે પ્રકાશભાઈ પ્રમાણે ત્યારે કેટલા બધા મુદ્દા ઊભા કરી દે છે તે જોવું રસપ્રદ છે. પણ તેમની આ જ તો રસળતી શૈલી છે. એક વિષય ઉઘાડતાં ઉઘાડતાં તેઓ સ્મરણ વડે એટલા બધા સંદર્ભ જોડે કે આપોઆપ તેમાં ઈતિહાસભાન થઈ આવે ને કયા વર્તમાનની ભોંય પર ઊભા છે તેનોય ખ્યાલ જગાડે. વિનોદિની નીલકંઠ અને 'કદલીવન' ની વાતનો છેડો નિરંજન ભગતની નુકતેચીની સુધી લંબાયો છે - 'કદલીવન' એ ગુજરાતી ભાષામાં દલિત ચેતના અને નારીચેતનાના સાહિત્યની નાંદી છે! નવલકથા ૧૯૪૬ માં લખાયેલી છે. પ્ર.ન.શા વિનોદિનીબહેન તે વિદ્યાગૌરી નીલકંઠ કે જે ગુજરાતનાં પ્રથમ બે મહિલા ગ્રેજ્યુએટ પૈકીનાં એક અને એમ કરતાં વિનાયક નંદશંકર મહેતા, તે નંદશંકર મહેતાનાં પુત્ર એવા વંશકથા સ્મરણ જગાડી જાણે એ કૃતિનાં મૂળ શોધે છે.

ઉર્વીશ કોઠારીએ લખ્યું છે, 'જીવનના સાડા આઠ દાયકા પછી પ્રકાશભાઈનું પોતાનું અનુવાદ-સંપાદન કે સહલેખન ન હોય એવું, આ પહેલું પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે' ને પછી આવી લેખસામગ્રીવાળાં પુસ્તકોનો સિલસિલો ચાલુ રહે એની જિકર કરે છે તેમના 'એકરાર અને આવકાર' માં તો પ્રકાશભાઈ પર પ્રકાશ પાડનારા ઘણા મુદ્દા છે પણ વાત તો પુસ્તક વાંચવાની છે કારણ તેમાં 'નોળવેલની આરત' છે.

**પુસ્તકઃ** તવારીખની તેજછાયા-૧, **લેખકઃ** પ્રકાશ ન. શાહ, **પ્રકાશકઃ** સાર્થક પ્રકાશન, **મુખ્ય વિક્રેતાઃ** બુક શેલ્ફ, ૧૬ સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ - **કિંમત રૂા. ૩૨૫/-**

## તમે પણ જાણો 'યે કોઠેવાલીયાં'

આપણે જેને વેશ્યા કહી, જેને કોઠેવાલી કહી, રામજણી કહી, બાઈ કહી, તવાયફ કહી તેને કદી ઓળખવાનો પ્રયત્ન થયો? આ બધામાં ભેદ શું અને એમના જીવન કેવાં હતાં? એક પુસ્તક છે, 'યે કોઠેવાલીયાં'. અમૃતલાલ નાગર જેવા હિન્દીના સુખ્યાત લેખક કે જેમને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પણ મળ્યો છે તેમના શોધ-સંશોધનનું પરિણામ લખાયેલું છે. ઐયાશ અને કામ-રતિમાં ડૂબેલાંઓને જેમાં રસ રહેતો હોય તેમના વિશે કોણ લખે? પણ એવા રંગીન મિજાજવાળાને બાજુ પર રાખી લખાયેલું આ પુસ્તક વાંચવા જેવું છે. 'એ હિસ્ટ્રી ઓફ પ્રોસ્ટીટ્યુશન ફ્રોમ એન્ટિક્વિટી ટુ ધ પ્રેઝન્ટ ડે' વિષયના નામના આ અંગ્રેજીના ખૂબ જાણીતા પુસ્તક પછી ભારતીય ભાષામાં લખાયેલા ઓછા પુસ્તકમાં આ એક છે. કોઠા શું, ચકલાખાના શું-થી માંડી બનારસની ગાયિકાઓ, કાશીની પ્રાચીન વેશ્યાઓ, ગણિકાની વાત સાથે અહીં સીતા-સાવિત્રીના દેશની બીજી બાજુ બતાવવામાં આવી છે. સ્વકીયા, પરકીયા અને ગણિકાનીય અહીં વાત છે. જીવનના કિસ્સા સાથે જોતજોતામાં મોટી પ્રતિભા પુરવાર થનાર સ્ત્રીની પણ વાત છે. આ પુસ્તક પ્રથમ વાર ૧૯૬૦માં પ્રગટ થયેલું. હમણાં ચોથી આવૃત્તિ ૨૦૨૨માં આવી. મતલબ હજુ પણ વંચાયા કરે છે. અમૃતલાલ નાગરની લેખની અને તેમના સંશોધનનો આ પ્રતાપ છે.




**પુસ્તકઃ** યે કોઠેવાલીયાં, **લેખકઃ** અમૃતલાલ નાગર, **પ્રકાશકઃ** લોકભારતી પ્રકાશન, પહેલી મંઝિલ, દરબારી બિલ્ડિંગ, મહાત્મા ગાંધી માર્ગ, ઈલાહાબાદ-૧ **કિંમતઃ ૬૯૫/-**

## સંતુના નામના સિક્કા પડાવો

***પ્રવીણ જોશીનાં નાટકો રંગ-રંગીલાં હતાં ને એના સંવાદના નામે ક્યારે કવિતા આવી જાય તે ભલો રૂસ્તમ પણ કહી નહીં શકે. મૂળ જ્યોર્જ બર્નાડ શોના 'પિગ્મેલીઅન' નાટકના સિક્કા અનેક દેશોમાં પડ્યા ને આપણે ત્યાં પ્રવીણ જોશીએ 'સંતુ રંગીલી' કર્યું તો લોકો પોકારી ઊઠ્યા, 'સંતુના નામના સિક્કા પડાવો. આ નાટકમાં પાણિનિ, નીનુ મજુમદારની કવિતા છે ને મધુરાયની પણ છે. સરિતા જોશીના મુખે નાટકમાં તે નટરંગીભાવે દેખાતી તો પ્રેક્ષકો ખુશ થતાં. તો લો, એ કવિતા.***



તારો યે વારો આવસે હિમાદરી
તે દી મારોયે ડંકો વાગસે હિમાદરી
તારા ખિચામાં નૈ હોઈ પૈ
ને હું ચેકુંમાં કરતી હઈસ સૈ
તયેં કગરીને માગીસ તું આસરો
ને હું તો હસી પડી ને કૈસઃ 'ને'
તારોય ડંકો વાગસે હિમાદરી
તુંયે માંદો પડીસ ને જયેં માસ્તર,
ને મને મોટે હસે બધાં શાસ્તર,
તુંયે રાડું પાડીને રોઈસ... ઓ મા
ને હું ફિલ્મમાં જાઈસ બીજા સો'માં
તુંયે જોઈ લેજે ને મારોયે ભપકો
હું તો બાપણેથી કૈસઃ 'ત્ચ ત્ચ, રો મા!'
જોજે ને, તારોયે વારો આવસે હિમાદરી
તારોયે વારો આવસે
ઓહો હાહાહા હોહો પરોફેસર
મારોયે ડંકો વાગસે.
રાજા રજવાડાં ને મલકનાં સેઠિયાંવ
મારીય મુલાકાત માંગસે
હુંયે પે'રતી હૈસ પોલકું ને ઘાઘરી
ને આભલાની ચૂંદડી ને સોનાની સાંકરી
ગોટપીટ ગોટપીટ વાતું કરીસ હુંયે.
જો જે ને એક દી, હિમાદરી,
ડાચું ફાડીને જોતો રે જાઈસ વાલામુવા
રાતાપાણીએ રાતો રઈ જાઈસ વાલામુવા
તારોયે વારો આવશે હિમાદરી
ઘેલ થાશે ને કોક રાજાનો દીકરો
ને કેસ કે, 'માગ, માગ, સંતુ તું માગે ઈ દઉં,
હું તો સુઘરેલી બોલીમાં ટૌકો કરીને કૈસ
રાજાના વાહામાં ધુંબો મારીને કૈસ.
'તમ્મારા રાજમાં તો લે'ર છે તી મા'રાજા.
ખમ્મા કરો હું તો કૈં નૈં તો.'
તયેં રાજોજી કેસે કે દીકરાનું મન રાખ
દરબારી કેસે રાજાનું માન રાખ
ને રાજાનો દીકરો મલકીને કેસે કે.
સંતુના નામના સિક્કા પડાવો ને
સંતુના માનમાં તોપું ફોડાવો ને
સંતુની ભેરા અસવારી જોડાવો
ઘોડા દોડાવો ને હાથી ડોલાવો
તયે સંતુનો ડંકો વાગસે
ને ઠાવકી થૈને સંતુ માગસે
ઓલા માસ્તર હિમાદરીનું ડોકું ઊતારી દો
ઈ દીપડાના જીભડે જોડા કરાવી ધો
એના ડોળા ફોડાવી ધો
એના કાનમાં ઘગઘગતું સીસું પુરાવી ધો,
ને રાજોજી કેસે, 'ઓહો, ઈ સું બોઈલા, અબઘડી
ને સિપાઈને કેસે કે ઘોડું દોડાવો.
માસ્તરને ઘોડાને પૂંછડે બંધાવો
લૂગડાં ઉતારીને ચાબકા મરાવો.
તયેં તારોયે વારો આવસે હિમાદરી
ને મારોયે ડંકો વાગસે હિમાદરી
ને જયે ભૂંડો કરીને હેઠે નાખસે
ને તલવારું મિયાનમાંથી કાઢસે
ને મને કેસે કે સંતુ, હુકમ કર!
હું તો મરકીને કૈસ હવે જાવા ધો,
માસ્તરને મારવાનું રેવા ધો,
તું ભોંઠો પડીને કૈસ માફ કર
ને હું હસીને કૈસ, ઠીક, જા કામ કર.
તયેં મારોયે ડંકો વાગસે હિમાદરી
તારોયે વારો આવસે હિમાદરી.

## નગરવાસીઓને વાંચવો ગમશે 'આદિવાસી વિશેષ'

આદિવાસી પર સંશોધન કરવા હવે આદિવાસી જ હોવું જરૂરી નથી કારણ કે આદિવાસી જીવન પર અનેક દૃષ્ટિનાં સંશોધનો હવે ઉપલબ્ધ છે. 'આદિવાસી વિશેષ'નું લેખન રમેશ પટેલનાં લેખન અને સંશોધનાત્મક રજૂઆતનું ગ્રંથરૂપ છે. તેમણે આરંભે જ સ્પષ્ટ વિગતોમાં જણાવ્યું છે કે આ ગ્રંથ તૈયાર કરવામાં ક્યાં પુસ્તકોની મદદ લીધી છે. કુલ ૨૦ લેખોમાં તેમણે આદિવાસી સમાજનાં વૈવિધ્યથી માંડી તેમનાં વાદ્યો, નૃત્યો, ગીતો, પર્વો, દેવ-દેવીઓ, આભૂષણો વિશે માહિતી આપવા ઉપરાંત તેમના વિશે આંકડાકીય માહિતી પણ આપી છે. ભીલ છે તો તેમાં ગરાશિયા ભીલ, ડુંગરી-ભીલ છે. ગુજરાતમાં વસતાં આદિવાસીઓ વિશે વાંચતાં નવાઈ પામશો કે બદલાતા વિસ્તારે તેમની ઓળખ બદલાતી રહે છે. બધાને એક માનવું આપણી ભૂલ છે. 'આદિવાસી' સંજ્ઞામાં જ સ્પષ્ટ છે કે તેઓ પ્રકૃતિ વચ્ચે જીવનારાં છે. પ્રકૃતિમાંથી જ આશરો બનાવી જીવ્યાં અને આજેય જીવે છે. આ પુસ્તક તેમના પહેરવેશ, ઘરેણાં, ધંધાની વાત કરે છે. ગુજરાતમાં કુલ ૨૯ આદિવાસી જાતિઓ વસે છે. તેમનાં દેવ-દેવી અલગ છે અને પૂજાપદ્ધતિ પણ જુદી છે. નગર સમાજમાં જે તહેવારો ઉજવાય તે આદિવાસીમાં ઉજવાતા હોય તો તેના સંકેતો, અર્થો અને પ્રતીકો જુદાં હોય. લગ્નનાં રિવાજ-રસમ જુદાં. રમેશ પટેલે આદિવાસી સંશોધન-અભ્યાસને પોતાની સમજથી સારવી-તારવીને આલેખ્યાં છે. આખા પુસ્તકમાં આ કારણે રોચકતા પણ ભળી છે અને છેલ્લે સંદર્ભગ્રંથની લાંબી યાદી આપણી આદિવાસી સંશોધન ક્ષેત્રે કામ કરવા ઉત્સુકને મદદ પણ કરી છે. વિષયોની પસંદગી અને આલેખન માટે અપનાવેલી શૈલી વાચકોને આદિવાસી જીવન વિશે ભરપૂર સામગ્રી મળ્યાનો સંતોષ કરાવે છે.

**પુસ્તકઃ** આદિવાસી વિશેષ
**લેખકઃ** રમેશ પટેલ
**પ્રકાશકઃ** કુસુમ પ્રકાશન, ૨૨૨-સર્વોદય કોમર્શિયલ સેન્ટર, જી.પી.ઓ. પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧
**કિંમતઃ** રૂ. ૨૫૦/-




## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ભારતીય હોવાની ઓળખ માટે કયા પુરાવા માન્ય ગણવા"

ભારત ખેતી પ્રધાન અને વિકસિત તરફ પ્રગતિ કરતો દેશ છે. ગુજરાત મા રહેનાર ગુજરાતી બિહાર મા બિહારી તેમ.... ભારતમાં રહેનાર ભારતીય . લોકશાહી દેશની સૌ પ્રથમ ચૂંટણી સને 1952 મા યોજાઈ હતી. તે સમયે પણ વિદેશ પ્રવાસ ના હેતુ માટે પાસપોર્ટ ની પ્રથા હોવી જોઈએ ત્યારબાદ ક્રમશ સમય ની સાથે કદમ મિલાવવા માટે હાલ આધારકાર્ડ માન્ય પુરાવા તરીકે સ્વીકારવામાં આવે છે. રહેઠાણના પુરાવા તરીકે દસ્તાવેજ, લાઇટ બિલ, વેરાબિલ, ડ્રાઈવિંગ લાયસન્સ વગેરે. સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોમાં થી રાશન મેળવવા માટે રાશનકાર્ડ, ચૂંટણી મા મતદાન માટે ચૂંટણી ઓળખકાર્ડ અને સરકાર શ્રી એ નકકી કરેલ માન્ય 21 પુરાવા ચૂંટણી કાર્ડ ની અવેજીમાં રજૂ કરી મતદાન કરી શકાયઃ છે. આવકવેરા રિટર્ન ફાઇલ કરવા માટે pan card. હવે આનાથી વિશેષ માણસ હોવાનો પુરાવો ક્યો માન્ય રાખવો કે જે થકી માણસની ઓળખ ભારતીય હોવાનું સાબિત થાય. હાલનાં નિયમો મુજબ પાસપોર્ટ કઢાવવા માટે માન્ય પુરાવા રજૂ કરવાં પડે છે. એટલે પાસપોર્ટનો કોઈપણ દેશના નાગરિક તરીકે માન્ય દસ્તાવેજ ગણવો જોઈએ. હાલ dual citizenship ની પ્રથા પણ અમલમાં છે. કાયદા સરળ હોવા જોઈએ છેવાડાના માનવી થી લઈ કોઈપણ માનવીને કાયદાથી હેરાનગતિ ભોગવવી ન પડે તે જોવું જોઈએ. કોઈપણ વસ્તુના લાભ અને ગેરલાભ તો રહેવાના જ પરંતુ સાચા માનવી હેરાન ન થવા જોઈએ એ રીતે કાયદા બનાવવા જોઈએ એવુ નથી લાગતુ?

**સુરત - ચંદ્રકાન્ત રાણા**

### S.M.C.ની બદલાતી તસવીર

એક જમાનો હતો કે લોકોની સુવિધા માટે તથા શહેરના પ્રાણપ્રશ્નો માટે S.M.C. માં ટોપી ધારકો જેવા કે રમણભાઇ જરીવાલા- સુબોધભાઇ દેસાઇ-મદનલાલ બુનકી-હીરાભાઇ દલાલ-ચીમનલાલ ડૉક્ટર (બાંધકામ કચેરીના ચેરમેન) નાનાભાઇ ગજ્જર (મેયર) જેવા પ્રભાવશાળી વ્યક્તિ પોતાના અનુભવના જોરે નગરસેવકની મીટીંગ પ્રભાવશાળી બનતી હતી જેમકે જ્યાં 1 પહોંચે કવિ-ત્યાં પહોંચે અનુભવી. આવા જાબાઝ નગરસેવક ઠોકર ખાઇને ઠાકુર બન્યા હતા.

જ્યારે આજે નવયુવાન બહેનાના હેઠળ કામ કરવાનું પણ પોતાનામાં જુસ્સો, ધગશના જોરે કામ કરે છે. પણ અનુભવના અભાવે દિશાહીન હોય છે. છતાં આશા રાખીએ છીએ કે નવી યુવાન ટીમ શહેરના હિતમાં નવા નિર્ણયો લઇ શકશે.

**સુરત - મહેશ આઇ. ડોકટર**

### ખુદ્દાર આચાર્યને સલામ

શાળા અને કોલેજોમાં વિદ્યાર્થીઓને બે પૂંઠા વચ્ચેનું ફક્ત પુસ્તકિયુ જ્ઞાન આપવામાં આવે એ ક્યારેય પર્યાપ્ત નથી. હું એવા કેટલાક ખુદ્દાર પ્રિન્સિપાલોને જાણું છું કે જેઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે. શાળા અને કોલેજોમાં વિદ્યાર્થીઓને ડિસિપ્લિન અને ટાઈમ મેનેજમેન્ટ શીખવાડવું ખૂબ જ જરૂરી છે. જો વિદ્યાર્થીઓને જીવન ઘડતરના પાઠો શીખવવાના નહીં હોય તો શાળા અને કોલેજોની જરૂરિયાત જ શું છે? શિસ્ત અને સમયપાલનના આગ્રહી જે આચાર્યો છે એઓ વિદ્યાર્થીઓ, સ્ટાફ કે પછી વાલીઓમાં કેટલી વખત અળખામણા થતા પણ મેં જોયા છે. મારો ખુદનો અનુભવ પણ એ જ છે.

શિક્ષકોએ દેશને શ્રેષ્ઠ નાગરિકની ભેટ કરવી હોય તો નિયમિતતા, પ્રમાણિકતા, શિસ્ત, સમયપાલનના પાઠો શીખવવા જ પડશે. જીવનની પાઠશાળામાં પણ વિદ્યાર્થીઓ સફળ થાય તે માટે એ જરૂરી પણ છે. એ માટે વાલીઓએ પણ સમજદારી કેળવીને જરૂરી સહકાર આપવો જ આવશ્યક છે. જો વાલીઓ સહયોગ નહીં આપે તો પછી શિક્ષકો કઈ રીતે એ કામ કરી શકે? આજે મૂલ્યલક્ષી શિક્ષણની વાતો ખૂબ જ કરવામાં આવે છે પરંતુ સિલેબસ પૂરો કરવામાં વેલ્યુ બેઈઝ્ડ એજ્યુકેશનની વાત બાજુ પર રહી જાય છે. આચાર્ય અને શિક્ષકોની ગરિમાને ઠેસ પહોંચે એ રીતે વાલીઓએ પણ સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે વિડીયો ઉતારીને મૂર્ખામીનું પ્રદર્શન કરવું જોઈએ નહીં. સમાજમાં જ્યારે ખુદ્દારીવાળા વ્યક્તિઓ, આચાર્ય કે શિક્ષકોની સંખ્યા ખૂબ જ ઝડપથી ઘટતી જાય છે ત્યારે આવા આચાર્યના જાહેર અભિવાદનના કાર્યક્રમનું આયોજન થવું જોઈએ.

**નવસારી- ડૉ. જે. એમ. નાયક**

### પર્યાવરણ સંરક્ષણઃ આજની સૌથી મોટી જરૂરિયાત

પર્યાવરણ આપણા જીવનનો આધાર છે. શુદ્ધ હવા, સ્વચ્છ પાણી અને હરિયાળી પ્રકૃતિ દ્વારા મળેલી અમૂલ્ય ભેટો છે. પરંતુ વધતા પ્રદૂષણ, વૃક્ષોની કાપણી અને કુદરતી સંસાધનોના અતિશય ઉપયોગને કારણે પર્યાવરણનું સંતુલન સતત બગડી રહ્યું છે. આજે ગ્લોબલ વોર્મિંગ, પાણીની અછત અને વાયુ પ્રદૂષણ જેવી સમસ્યાઓ સમગ્ર વિશ્વ માટે પડકાર બની ગઈ છે. જો સમયસર આ સમસ્યાઓ તરફ ધ્યાન આપવામાં નહીં આવે, તો આવનારી પેઢીઓને ગંભીર પરિણામોનો સામનો કરવો પડી શકે છે. પર્યાવરણના સંરક્ષણ માટે આપણે વધુમાં વધુ વૃક્ષો વાવવા જોઈએ, પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવો જોઈએ અને કુદરતી સંસાધનોનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. તેની સાથે લોકોને જાગૃત કરવું પણ ખૂબ જ જરૂરી છે. પર્યાવરણની સુરક્ષા માત્ર સરકારની જ નહીં, પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. જો આપણે આજે પ્રકૃતિનું રક્ષણ કરીશું, તો પ્રકૃતિ પણ ભવિષ્યમાં આપણું રક્ષણ કરશે. "સ્વચ્છ પર્યાવરણ જ સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્યની ઓળખ છે."

**સુરત - પવનકુમાર વિશ્વકર્મા**

### ચાર રસ્તા અને ટ્રાફિક સિગ્નલ

સુરત શહેરમાં કદાચ રાજ્યના અન્ય શહેરોની સરખામણીએ સૌથી વધુ વાહનો હશે. શહેરની સીમાઓ સતત વિસ્તરી રહી છે અને અનેક ગામો શહેરમાં સમાઈ ગયા છે. વધતી વસતી અને વાહનોની સંખ્યાને ધ્યાનમાં રાખીને નવા રસ્તાઓ, ફ્લાયઓવર અને અન્ય સુવિધાઓ પણ ઊભી કરવામાં આવી છે. આજે એક સ્થળેથી બીજા સ્થળે પહોંચવા માટે વાહનનો ઉપયોગ લગભગ અનિવાર્ય બની ગયો છે.

પરંતુ કોઈપણ વ્યવસ્થા ત્યારે જ સફળ બને છે, જ્યારે લોકો તેમાં રહેલા નિયમોનું પાલન કરે અને સ્વયંશિસ્ત દાખવે. થોડા મહિનાઓ પહેલાં શહેરના અનેક ચાર રસ્તાઓ પર ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરવામાં આવ્યા છે. તેનો મુખ્ય હેતુ ટ્રાફિકને સુવ્યવસ્થિત બનાવવાનો અને અકસ્માતો ઘટાડવાનો છે. જ્યાં ટ્રાફિક પોલીસ હાજર હોય ત્યાં મોટાભાગના વાહનચાલકો સિગ્નલનું પાલન કરે છે. પરંતુ જ્યાં માત્ર ટ્રાફિક સિગ્નલ હોય અને પોલીસ હાજર ન હોય, ત્યાં ઘણા લોકો લાલ બત્તીની અવગણના કરીને બેફિકરાઈથી રસ્તો ઓળંગી જાય છે. જાણે નિયમો બીજાઓ માટે હોય અને પોતાના માટે નહીં.

સીસીટીવી કેમેરામાં ઝડપાયેલા વાહનચાલકોને દંડ તો ભરવો પડે છે, પરંતુ ઘણા લોકો હજુ પણ એવી માનસિકતા ધરાવે છે કે "અહીં કોણ જોવાનું છે?" અને નિયમ તોડીને આગળ વધી જાય છે. આવી બેદરકારી માત્ર કાયદાનો ભંગ નથી કરતી, પરંતુ પોતાના અને અન્યના જીવને પણ જોખમમાં મૂકે છે. સારી વ્યવસ્થા બનાવવા માટે સરકાર રસ્તાઓ, ફ્લાયઓવર, ટ્રાફિક સિગ્નલ અને ટેક્નોલોજી પર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. પરંતુ જો નાગરિકો જ જવાબદારીપૂર્વક વર્તન ન કરે, તો કોઈપણ વ્યવસ્થા સંપૂર્ણ સફળ બની શકતી નથી.

રામરાજ્ય માત્ર સારી વ્યવસ્થા ઊભી કરવાથી નહીં, પરંતુ નિયમોનું સ્વયંપ્રેરિત પાલન કરતી પ્રજાથી જ સ્થાપિત થાય છે. જ્યારે દરેક નાગરિક પોતાના કર્તવ્યને સમજશે, ત્યારે જ સુરત વધુ સુરક્ષિત, સુવ્યવસ્થિત અને આદર્શ શહેર બની શકશે.

**સુરત -સીમા પરીખ**